**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૪ નવેંબર ૨૦૧૧**

**પેટ્રોલ ભાવવધારા ને કારણે આર્થિક અરાજકતા માજા મૂકશે : રામ નાઈક**

**મુંબઈ, શુક્રવાર :** ‘‘વારંવાર પેટ્રોલનો ભાવવધારો કરી વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ની સરકાર દેશમાં આર્થિક અરાજકતા નિર્માણ કરી રહી છે. પાછલાં જ અઠવાડિયે બહાર પડેલ મોંઘવારી નો દર આખા વર્ષનો સહુથી વધુ છે. તેનીજ સાથે એક વર્ષ માં ૧૨ વખત વ્યાજ દર વધારી સામાન્ય પ્રજાનું કોંગ્રેસે જીવવું દુષ્કર કરી નાંખ્યું છે, ’’ આવા આકરા શબ્દોમાં માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે ગઈકાલે થયેલ પેટ્રોલ ભાવવધારા નો નિષેધ કર્યો છે.

‘‘વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ અને યોજના આયોગનાં ઉપાધ્યક્ષ શ્રી મોન્ટેક સિંહ અર્થતજ્ઞ ગણાય છે. પરંતુ તેમનું જ્ઞાન ‘પુસ્તકીયું’ જ દેખાય છે. નહિંતર એક તરફ સામાન્યોને ઉપયોગનું પેટ્રોલ નો ભાવ લિટર દીઠ રૂ.૭૩.૮૧, અને બીજી તરફ ધનિકોને ઉપયોગનું હવાઈ ઈંધન એટીએફ ૧૨ રૂપિયે સસ્તું અર્થાત લિટર દીઠ ૬૧.૯૮ ના ભાવે ઉપલબ્ધ હોત નહીં.’’ આ મુજબની ટીકા પણ શ્રી રામ નાઈકે કરેલી છે.

ગરીબી રેખાની નવી વ્યાખ્યા કરી શહેરમાં ૩૨ રૂપિયામાં અને ગ્રામીણ ક્ષેત્રમાં ૨૬ રૂપિયામાં સામાન્ય માણસે પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું એમ કોંગ્રેસ સરકારનું કહેવું છે. પેટ્રોલ ભાવવધારા ની સાથે સાથે જ રિઝર્વ બેંકે એક વર્ષ માં ૧૨ વખત વ્યાજદર વધારો કરી મોંઘવારી ની હદ ઓળંગી છે. આવા સમયે સામાન્ય માણસે પોતાનું પેટ કેમ ભરવું ? આવો સંતપ્ત પ્રશ્ન પુછી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, ‘‘આ ભાવધારા પર તાત્કાલીક દિલાસો આપવામાં આવે અન્યથા દેશભરમાં તીવ્ર રોષ ભભૂકશે.’’

**(કાર્યાલય સચિવ)**